ગુજરાત આદિવાસી વિકાસ પરિષદ, દાહોદ સંચાલિત

# આદિવાસી આર્ટ્સ એણ્ડ કોમર્સ કૉલેજ

**સ્થાપના : જૂન ૧૯૮૦**

**સંતરામપુર, જી. મહીસાગર**

*The roots of education are bitter, but the fruit is sweet.*

- Aristotle




# પરિચય પુસ્તિકા વર્ષ ૨૦૨૩-૨૪

સંતરામપુર (મહીસાગર) ૩૮૯૨૬૦








IQAC


N.S.S.











## પ્રમુખશ્રીની કલમે...



**શ્રી વનરાજસિંહ ડામોર**

**પ્રમુખશ્રી, ગુજરાત આદિવાસી વિકાસ પરિષદ, દાહોદ**

વિદ્યાર્થી મિત્રો, આદરણીય સોમજીભાઈ ડામોરે પ્રગટાવેલ જ્ઞાન જ્યોત વટવૃક્ષ બની સમગ્ર વિસ્તારને પ્રકાશિત કરી રહી છે. ગુજરાત આદિવાસી વિકાસ પરિષદ દાહોદ સંચાલિત વિવિધ સંસ્થાઓ મહીસાગર, સાબરકાંઠા, અરવલ્લી, પંચમહાલ, દાહોદ, છોટઉદેપુર જેવા જિલ્લાઓમાં આદિવાસી વંચિત પછાત બાળકોને મફત શિક્ષણ આપી રહી છે. આ સર્વમાં આદિવાસી આર્ટ્સ એણ્ડ કોમર્સ કૉલેજ, સંતરામપુર અદ્વિતીય છે. સંતરામપુર આદિવાસી આર્ટ્સ એણ્ડ કોમર્સ કૉલેજમાં વિષય વૈવિધ્યની સાથે સાથે NCC, NSS, SSIP, જેવા શૈક્ષણિકોત્તર ચારિત્ર્યઘડતર પ્રવૃત્તિઓ, બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિ. કેન્દ્ર તેમજ આદિવાસી સંસ્કૃતિના કાર્યક્રમો, સેમિનાર, વર્કશોપ, પ્રવાસ જેવી પ્રવૃત્તિઓથી વિદ્યાર્થીઓનો સંર્વાંગિક વિકાસ કરવામાં આવે છે. ૧૯૮૦ માં સ્થપાયેલ કૉલેજમાંથી IPS, વહિવટી અધિકારી, પ્રોફેસર તેમજ સંરક્ષણ વિભાગમાં અસંખ્ય વિદ્યાર્થીઓ સેવા આપી રાષ્ટ્રીય ઘડતરનું કામ કરે છે. કૉલેજના ઉત્તમ કાર્યો માટે આચાર્યશ્રી તેમજ સમગ્ર સ્ટાફને અભિનંદન સાથે વિદ્યાર્થીઓના ઉજ્જ્વળ ભાવિ માટે હાર્દિક શુભેચ્છાઓ.



## પ્રૉ. ડૉ. કુબેરભાઈ ડીંડોર

**માન. કેબીનેટ મંત્રી, આદિજાતિ વિકાસ, પ્રાથમિક, માધ્યમિક, પ્રૌઢશિક્ષણ, ગુજરાત સરકાર**

મંજિલ ઉન્હી કો મિલતી હૈ, જિનકે સપનો મેં જાન હોતી હૈ...
પંખો સે કુછ નહી હોતા, હૌસલોં સે ઉડાન હોતી હૈ ।।

વિદ્યાર્થી મિત્રો, આપણા આંતરિયાળ વિસ્તારમાં શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી અને ગુજરાત આદિવાસી વિકાસ પરિષદ, દાહોદ સંચાલિત સંતરામપુર આદિવાસી આર્ટ્સ એણ્ડ કોમર્સ કૉલેજમાં શિક્ષણ મેળવી સ્નાતકની ઉપાધી મેળવવાનું મને ગૌરવ છે.

આપણા આદરણીય વડાપ્રધાન માનનીય શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબે ઇતિહાસથી વંચિત આપણા પૂર્વજ આદિવાસી સ્વાતંત્ર્ય સેનાનીઓના સ્મરણરૂપે 'માનગઢધામ' અને શ્રી ગોવિંદગુરૂ યુનિવર્સિટીની અમૂલ્ય ભેટ આપી તે બદલ શત શત વંદન. ૧૯૮૦થી કાર્યરત આ કૉલેજ આપણા વિસ્તારના આદિવાસી ભાઈ-બહેનો માટે બોધિવૃક્ષસમા શિક્ષણધામ છે. આદરણીય શ્રી સોમજીભાઈ ડામોરે માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક, આશ્રમશાળા, મહાવિદ્યાલયો દ્વારા પછાત વિસ્તારના બાળકો માટે જ્ઞાન જ્યોત પ્રગટાવી તેનું હું ય એક કિરણ છું. આજે વટવૃક્ષ બની B.A., B.Com.,MSW, BSC, DSI વિજ્ઞાન કૉલેજ જેવી વૈવિધ્યસભર સંસ્થાઓ અને વિષયોથી શિક્ષણના પારસસ્પર્શે આપણે શિક્ષિત-દીક્ષિત થઈ રહ્યા છીએ. ગુજરાત રાજ્યના કેબિનેટ મંત્રી, આદિજાતિ વિકાસ, પ્રાથમિક, માધ્યમિક, પ્રૌઢશિક્ષણ મંત્રાલય દ્વારા ગુજરાતની સેવા કરી રહ્યો છું, તેમાં વિદ્વાન ગુરૂજનો અને કૉલેજનો મારા જીવન ઘડતરમાં અમૂલ્ય ફાળો છે. વિષય વૈવિધ્યની સાથે વિદ્યાર્થીઓમાં સર્વાંગી વિકાસ માટે સાંસ્કૃતિક પ્રવત્તિઓમાં કૉલેજ અગ્રેસર રહી છે. 'નેશન ફર્સ્ટ, કેરેક્ટર મસ્ટ' સૂત્રને અનુસરી આપ સૌ વ્યક્તિ, સમાજ અને ભારતને વિશ્વગુરૂ બનાવવાના રાષ્ટ્રીય ઘડતરમાં સહભાગી બનો, તેવી આપના ઉજ્જ્વળ ભવિષ્યની કામના સાથે અંતરતમ શુભેચ્છાઓ..


## આચાર્યશ્રીની કલમે...



### પ્રિ. ડૉ. અભય પરમાર

વિદ્યાર્થી મિત્રો, આ નાનકડી પરિચય પુસ્તિકા તમારા માટે ભોમિયાની ગરજ સારશે. આદરણીય સોમજીભાઈ તથા પ્રમુખશ્રી વનરાજસિંહ ડામોરના નેજા હેઠળ અત્રેની કૉલેજના પ્રિન્સિપાલ તરીકે હું કાર્યરત છું. બાાબસાહેબ આંબેડકર, બિરસામુંડા કે જ્યોતિબા ફૂલે જેવા વંચિતોના મહાનાયકોએ કહ્યું છે કે, વિદ્યાના અભાવે મતિ નાશ પામે છે, મતિના અભાવે નીતિ નાશ પામે છે, નીતિના અભાવે સંપતિ નાશ પામે છે અને સંપતિના અભાવે આપણું પતન થાય છે. આપણે પ્રથમ પગથિયે જ આ ભુલને સુધારી વિદ્યાને વરીએ. બાબાસાહેબ આંબેડકરે પણ કહ્યું છે કે શિક્ષણ એ સાવજનું દૂધ છે. એ જે પીવે તે ત્રાડ નાખે છે. આપણી અસ્મિતા અને અસ્તિત્વના મૂળમાં રામબાણરૂપે શિક્ષણ છે. શ્રી સોમજીભાઈએ આ વિસ્તારના બાળકો માટે વિશાળ હૃદયે શિક્ષણનો ખજાનો ખુલ્લો મુક્યો છે. આપણી કૉલેજમાં વિદ્વાન અધ્યાપકો અને વિષય વૈવિધ્ય ઉપરાંત સાંસ્કૃતિક કાર્યક્રમો જેવા કે NCC, NSS, B.A.O.U. કેન્દ્ર અને સેમિનાર, વર્કશોપ, પ્રવાસ જેવી વિવિધ પ્રવૃત્તિથી વિદ્યાર્થીઓમાં સર્વાંગિ વિકાસ થાય છે. ભવિષ્યમાં કટોકટીમાં આપણો વિદ્યાર્થી બજાર કે જીવનનાં સંઘર્ષમાં ટકી રહે અને એની આગવી કેડી ચીતરે તેવી આશા સાથે આ પરિચય પુસ્તિકા આપની સમક્ષ મૂકતાં હું આનંદ અનુભવું છું.

## કૉલેજના શૈક્ષણિક કર્મચારીઓની માહિતી



**હિન્દી વિભાગ**
**આચાર્ય**
ડૉ. અભય પરમાર
એસોસિએટ પ્રોફેસર
M.A., Ph.D.
Ph.D Guide
M.A.(English)



**અંગ્રેજી વિભાગ**
**અધ્યક્ષ**
પ્રો. દેવરાજ નંદા
એસોસિએટ પ્રોફેસર
M.A.



**હિન્દી વિભાગ**
**ઉપાચાર્ય**
ડૉ. ઈશ્વરભાઈ રાઠવા
એસોસિએટ પ્રોફેસર
M.A., M.Phil.,
Ph.D.



**અંગ્રેજી વિભાગ**
ડૉ. માલિની ગૌતમ
એસોસિએટ પ્રોફેસર
M.A., Ph.D.
M.A. (Hindi)




**હિન્દી વિભાગ**
ડૉ. વિનોદ જે. વણકર
અધ્યાપક સહાયક
M.A., M.Ed. M.Phil.,
Ph.D., NET, GSET,
Ph.D. Guide



**અંગ્રેજી વિભાગ**
પ્રો. દિપ્તી ક્રિશ્ચિયન
એસોસિએટ પ્રોફેસર
M.A.



**ગુજરાતી વિભાગ**
**અધ્યક્ષ**
ડૉ. શંકરભાઈ પ્રજાપતિ
એસોસિએટ પ્રોફેસર
M.A., ATD., Ph.D.
Ph.D. Guide



**સંસ્કૃત વિભાગ**
**અધ્યક્ષ**
પ્રો. રફીક એમ. શેખ
એસોસિએટ પ્રોફેસર
M.A.



**ગુજરાતી વિભાગ**
પ્રો. નિતિન પંડ્યા
એસોસિએટ પ્રોફેસર
M.A., B.Ed.

# કૉલેજના શૈક્ષણિક કર્મચારીઓની માહિતી



**ઈતિહાસ વિભાગ**

અધ્યક્ષ

ડૉ. અમૃત જી. ઠાકોર

એસોસિએટ પ્રોફેસર

M.A., Ph.D.



**ઈતિહાસ વિભાગ**

પ્રો. શંકુતલા એસ. બલાત

એસોસિએટ પ્રોફેસર

M.A., B.Ed.
Pursuing Ph.D.



**ઈતિહાસ વિભાગ**

પ્રો. ભારતીબેન ડી. ધનુલા

આસિસ્ટન્ટ પ્રોફેસર

M.A., M.Phil., GSET
Pursuing Ph.D.



**સમાજશાસ્ત્ર વિભાગ**

અધ્યક્ષ

પ્રો. પારૂલબેન એમ. દાણી

એસોસિએટ પ્રોફેસર

M.A.



**સમાજશાસ્ત્ર વિભાગ**

ડૉ. કામિની દશોરા

આસિસ્ટન્ટ પ્રોફેસર

M.A., M.Phil., Ph.D.,
GSET,
Ph.D. Guide



**સમાજશાસ્ત્ર વિભાગ**

ડૉ. પી. પી. ચૌધરી

અધ્યાપક સહાયક

M.A., M.Phil.
Ph.D., GSET



**મનોવિજ્ઞાન વિભાગ**

અધ્યક્ષ

પ્રો. ડી. ડી. વસાવા

એસોસિએટ પ્રોફેસર

**M.A.**



**મનોવિજ્ઞાન વિભાગ**

ડૉ. હિતેશ આર. વાઢિયા

આસિસ્ટન્ટ પ્રોફેસર

M.A., M.Phil.,
Ph.D., GSET,
Ph.D. Guide



**મનોવિજ્ઞાન વિભાગ**

ડૉ. મુકેશભાઈ બી. ભટ્ટ

અધ્યાપક સહાયક

M.A., B.Ed., M.Phil.
Ph.D., Ph.D. Guide



**કોમર્સ વિભાગ**

અધ્યક્ષ

ડૉ. મોહમદ ઇશાક જી. પટેલ

એસોસિએટ પ્રોફેસર

M.Com. (Gold Medal)
Ph.D.



**કોમર્સ વિભાગ**

પ્રો. રમેશચંદ્ર પી. પરમાર

એસોસીએટ પ્રોફેસર

M.Com. (Statistics)
B.Ed.,
Pursuing Ph.D.

## કૉલેજના બિન શૈક્ષણિક કર્મચારીઓની માહિતી



**સુશ્રી. દિવ્યાબેન દરજી**
ઈન્ચાર્જ લાઈબ્રેરિયન




**શ્રી ઈશ્વરભાઈ જે. ડામોર**
સિનિયર ક્લાર્ક




**શ્રી મકસુદભાઈ દાઉદ**
સિનિયર ક્લાર્ક

## સેવક ભાઈઓ



**શ્રી અમરસિંહ એલ. ખાંટ**



**શ્રી શીવાભાઈ કે. ડામોર**

## કૉલેજમાં ચાલતા અન્ય વિભાગ

**NSS**

સંયોજક
ડૉ. પી. પી. ચૌધરી

સહસંયોજક
ડૉ. વિનોદ જે. વણકર
પ્રો. બી. ડી. ધનુલા

**NCC**

લેફ્ટ. હિતેશ વાઢીયા
એન.સી.સી. ઓફિસર. S.D.

લેફ્ટ. કામિની દશોરા
એન.સી.સી. ઓફિસર, S.W.

**CWDC**

સંયોજક
પ્રૉ. પારૂલબેન દાણી

સહસંયોજક
ડૉ. માલિની ગૌતમ

**BAOU Center**

ડાયરેક્ટર
ડૉ. ઈશ્વરભાઈ એલ. રાઠવા

# ADIWASI ARTS & COMMERCE COLLEGE, SANTRAMPUR

## *Academic and Administrative Committees - 2023-24*

| | |
|---|---|
| **ADMISSION** | |
| 1. | Dr. S.V. Prajapati (Coordinator) |
| 2. | Prof. P. H. Dani |
| 3. | Prof. S. S. Balat |
| 4. | Prof. B. D. Dhanula |
| 5. | Dr. V. J. Vankar |
| 6. | Dr. M. B. Bhatt |
| 7. | Dr. P. P. Chaudhari |
| 8. | Shri I. L. Damor |
| **TIME TABLE** | |
| 1. | Dr. S.V. Prajapati (Coordinator) |
| 2. | Prof. R.P. Parmar |
| 3. | Prof. N. D. Pandya |
| 4. | Dr. A. G. Thakor |
| **IQAC (Internal Quality Assurance Cell)** | |
| 1. | Principal Dr. Abhay Parmar |
| 2. | President Shri Vanrajsinh Damor |
| 3. | Dr. Kuberbhai Dindor (Alumni) |
| 4. | Pro. Devraj Nanda (Coordinator) |
| 5. | Dr. Kamini Dashora (Co-coordinator) |
| 6. | Shri R. P. Kansar (Society-Trust Representative) |
| 7. | Dr. S.V. Prajapati (Teacher-Representative) |
| 8. | Prof. R.P. Parmar (Teacher-Representative) |
| 9. | Dr. Malini Gautam (Teacher-Representative) |
| 10. | Dr. M. G. Patel (Teacher-Representative) |
| 11. | Dr. H. R. Vadhiya (Teacher-Representative) |
| 12. | Prof. B. D. Dhanula (Teacher-Representative) |
| 13. | Shri I. L. Damor (Sr. Clerk) |
| 14. | Mrs. Kokila Khant (Stakeholder Nominee) |
| 15. | Satyam Labana (Student-Representative) |

| | |
|---|---|
| **INTERNATIONALIZATION CELL** | |
| 1. | Prof. N. D. Pandya (Coordinator) |
| 2. | Prof. S. S. Balat |
| 3. | Dr. M. G. Patel |
| **EXAMINATION** | |
| 1. | Prof. N. D. Pandya (Coordinator) |
| 2. | Prof. D. D. Vasava |
| 3. | Prof. S. S. Balat |
| 4. | Dr. M. G. Patel |
| 5. | Prof. B. D. Dhanula |
| 6. | Dr. M. B. Bhatt |
| **CULTURAL PROGRAM / DEBATE/ SEMINAR** | |
| 1. | Dr. I .L. Rathwa (Coordinator) |
| 2. | Prof. Devraj Nanda |
| 3. | Prof. B. D. Dhanula |
| 4. | Dr. H. R. Vadhiya |
| 5. | Dr. Kamini Dashora |
| 6. | Dr. V. J. Vankar |
| 7. | Dr. M. B. Bhatt |
| 8. | Dr. P. P. Chaudhari |
| **WALLPAPER DISPLAY** | |
| 1. | Prof. N. D. Pandya (Coordinator) |
| 2. | Dr. A. G. Thakor |
| **DISCIPLINE** | |
| 1. | Prof. D. D. Vasava (Coordinator) |
| 2. | Prof. D. N. Christian |
| 3. | Prof. S. S. Balat |
| 4. | Dr. H. R. Vadhiya |
| **PARENT ASSOCIATION** | |
| 1. | Dr. S. V. Prajapati (Coordinator) |
| 2. | Prof. P. H. Dani |
| 3. | Dr. M. G. Patel |

| | |
|---|---|
| **SC-ST COMMITTE** | |
| 1. | Dr. I. L. Rathva (Coordinator) |
| 2. | Dr. M. G. Patel |
| 3. | Dr. Kamini Dashora |
| **TOUR & EXCURSION** | |
| 1. | Prof. N. D. Pandya (Coordinator) |
| 2. | Dr. Malini Gautam |
| 3. | Prof. D. D. Vasava |
| 4. | Dr. A. G. Thakor |
| 5. | Dr. M. G. Patel |
| 6. | Dr. M. B. Bhatt |
| **ALUMNI ASSOCIATION** | |
| 1. | Prof. N. D. Pandya (Coordinator) |
| 2. | Prof. P. H. Dani |
| 3. | Prof. D. D. Vasava |
| 4. | Dr. A. G. Thakor |
| **READER'S CLUB** | |
| 1. | Dr Malini Gautam (Coordinator) |
| 2 | Dr. A.G. Thakor |
| 3. | Prof. R. M. Shaikh |
| 4. | Dr. H. R. Vadhiya |
| 5. | Dr. Kamini Dashora |
| 6. | Ms. Divyaben Darji |
| **SPORTS** | |
| 1. | Dr. H. R. Vadhiya (Coordinator) |
| 2. | Dr. Malini Gautam |
| 3. | Prof. D. D. Vasava |
| 4. | Dr . P. P. Chaudhari |
| **STUDENT UNION** | |
| 1. | Dr. S. V. Prajapati (Coordinator) |
| 2. | Dr. Malini Gautam |
| 3. | Dr. A. G. Thakor |
| 4. | Dr. Kamini Dashora |

| | |
|---|---|
| **GRIEVANCE & REDRESSAL** | |
| 1. | Dr. S. V. Prajapati (Coordinator) |
| 2. | Prof. R. P. Parmar |
| 3. | Prof. P. H. Dani |
| 4. | Dr. Malini Gautam |
| **WATER HARVESTING** | |
| 1. | Prof. N. D. Pandya (Coordinator) |
| 2. | Prof. D. D. Vasava |
| 3. | Dr. A. G. Thakor |
| 4. | Dr. V. J. Vankar |
| **YOGA & MADITATION** | |
| 1. | Prof. N. D. Pandya (Coordinator) |
| 2. | Dr. H. R. Vadhiya |
| 3. | Dr. V. J. Vankar |
| 4. | Dr. P. P. Chaudhari |
| 5. | Ms. Divyaben Darji |
| **CAMPUS RE-FORESTING** | |
| 1. | Dr. A. G. Thakor (Coordinator) |
| 2. | Prof. N. D. Pandya |
| 3. | Prof. R. M. Shaikh |
| **CAREER COUNSELLING** | |
| 1. | Prof. R. P. Parmar (Coordinator) |
| 2. | Dr. M. G. Patel |
| 3. | Dr. V. J. Vankar |
| 4. | Dr. M. B. Bhatt |
| 5. | Dr. P. P. Chaudhari |
| **SEXUAL HARASSMENT PREVENTION COMMITTEE** | |
| 1. | Prof. P. H. Dani (Coordinator) |
| 2. | Prof. R. P. Parmar |
| 3. | Dr. Malini Gautam |
| 4. | Dr. Kamini Dashora |

| | |
|---|---|
| **CLEAN INDIA DRIVE** | |
| 1. | Prof. N. D. Pandya (Coordinator) |
| 2. | Dr. A. G. Thakor |
| 3. | Prof. S. S. Balat |
| 4. | Dr. H. R. Vadhiya |
| 5. | Dr. Kamini Dashora |
| **K.C.G. COMMITTEE** | |
| 1. | Prof. R. P. Parmar (Coordinator) |
| 2. | Dr. A. G. Thakor |
| 3. | Prof. B. D. Dhanula |
| 4. | Dr. P. P. Chaudhari |
| **RUSA COMMITTEE** | |
| 1. | Prof. R. P. Parmar (Coordinator) |
| 2. | Dr. Malini Gautam |
| 3. | Dr. M. G. Patel |
| 4. | Dr. M. B. Bhatt |
| **INFRASTRUCTURE COMMITTEE** | |
| 1. | Prof. N. D. Pandya (Coordinator) |
| 2. | Prof. D. D. Vasava |
| 3. | Dr. A. G. Thakor |
| **TEACHING LEARNING IMPROVEMENT COMMITTEE** | |
| 1. | Dr. Devraj Nanda (Coordinator) |
| 2. | Dr. A. G. Thakor |
| 3. | Dr. Kamini Dashora |
| 4. | Dr. M. B. Bhatt |
| **LIBRARY COMMITTEE** | |
| 1. | Ms. Divyaben Darji (Coordinator) |
| 2. | Dr. Malini Gautam |
| 3. | Prof. S. S. Balat |
| 4. | Dr. V. J. Vankar |

| FIRST AID COMMITTEE | |
|---|---|
| 1. | Prof. P. H. Dani (Coordinator) |
| 2. | Dr. A. G. Thakor |
| 3. | Dr. H. R. Vadhiya |
| **NEP CELL** | |
| 2. | Dr. Kamini Dashora (Coordinator) |
| 1. | Dr. R. P. Parmar |
| 3. | Dr. M. B. Bhatt |
| **ABC BOARD** | |
| 1. | Dr. Malini Gautam (Coordinator) |
| 2. | Prof. D. D. Vasava |
| 3. | Ms. Divyaben Darji |
| **FEED BACK COMMITTEE** | |
| 1. | Prof. R. P. Parmar (Coordinator) |
| 2. | Dr. Malini Gautam |
| 3. | Dr. Kamini Dashora |
| 4. | (Name of a Student) |
| **TECHNICAL SUPPORT COMMITTEE** | |
| 1. | Dr. M. B. Bhatt (Coordinator) |
| 2. | Dr. P. P. Chaudhari |
| 3. | Dr. V. J. Vankar |

## કૉલેજમાં ચાલતા અન્ય વિભાગ

**1) NSS　2) NCC　3) CWDC　4) BAOU　5) SSIP　6) SCOPE**

# આદિવાસી આર્ટ્સ એણ્ડ કોમર્સ કૉલેજ

## નિયમો

૧. વિદ્યાર્થીએ જે વિષયમાં પ્રવેશ મેળવેલ હશે તે વિષયો કોઈપણ સંજોગોમાં બદલી શકાશે નહી.

૨. યુનિ. દ્વારા નિયત કરાયેલ એનરોલમેન્ટ ફોર્મ તેની નિયત તારીખ (૩૧ જુલાઈ પહેલા) નહી ભરનારનો પ્રવેશ આપોઆપ રદ બાતલ થશે.

૩. કૉલેજમાં તાસ શરૂ થાય એ સમયે આવી જવાનું રહેશે. બહારગામથી આવતા વિદ્યાર્થીઓએ પહેલી બસથી આવવાનું રહેશે. કૉલેજ સમય દરિમયાન થતી પ્રત્યેક પ્રવૃત્તિ (જેવી કે સેમિનાર વ્યાખ્યાનો) શૈક્ષણિક કાર્યના ભાગરૂપે ગણાશે. રમત-ગમત સાસ્કૃતિક કે અન્ય પ્રવૃત્તિમાં શિસ્ત કે ઔચિત્ય નિયમ ભંગ બદલ સમિતિ કે આચાર્ય દંડ / સંસ્પેશન કે અન્ય જે નિર્ણયો લેશે એ વિદ્યાર્થીને બંધનકર્તા રહેશે.

૪. કૉલેજના પ્રત્યેક સત્રમાં હાજર રહેવું આવશ્યક છે. વિદ્યાર્થી પાસેથી માસમાં ૮૦% હાજરીની અપેક્ષા રાખવામાં આવે છે, આનાથી ઓછી હાજરી હશે તો એ માસ દરમિયાન ચાલેલો અભ્યાસક્રમ વિદ્યાર્થીએ જાતે તૈયાર કરવાનો રહેશે અને અભ્યાસક્રમના વાંચન અને લેખન અસાઈનમેન્ટ વર્ક આપવામાં આવશે જે વિદ્યાર્થીએ હાજરીની ઉણપ પેટે આપવાનું રહેશે.

૫. વિવિધ પ્રકારની રજાઓ પછી કૉલેજ ખુલ્યા બાદ તેજ દિવસથી હાજરી ગણાશે.

૬. બીજા સત્ર દરમિયાન યુનિ. દ્વારા પરીક્ષા ફોર્મ ભરવા માટેની જે નિયત તારીખ થાય તે તારીખ પહેલા પરીક્ષા ફોર્મ નહી ભરનાર વિદ્યાર્થી યુનિ. પરીક્ષામાં બેસી શકશે નહી.

૭. વિદ્યાર્થી બધાજ તાસમાં હાજર હશે તો જ તે દિવસની હાજરી ગણાશે, કૉલેજમાં આવી રજા વગર ચાલ્યા જવું એ ગેરશિસ્ત ગણાશે.

૮. દરેક વિદ્યાર્થીએ **Reading Assignment** અથવા **Writing Assignment** આપવામાં આવે તે ફરજિયાત કરવાનું રહેશે. નિયત કરેલ **Assignment** આપ્યા હશે તો જ સત્ર માન્ય ગણાશે. **Assignment** સત્રકાર્યનો ભાગ ગણાશે.

૯. તમામ આંતરિક કસોટીમાં બેસવાનું બધા વિદ્યાર્થીઓ માટે ફરજિયાત છે. વધારાની આંતરિક કસોટી લેવી કૉલેજ માટે ફરજિયાત નથી, પૂર્વ સંમતિ વિના મુક્તિ મળી શકશે નહી.

૧૦. ફી નિયત સમય દરમિયાન જ પુરેપુરી ભરવાની રહેશે. પુરેપુરી ફી નહી ભરનાર વિદ્યાર્થીનો પ્રવેશ રદ થવાને પાત્ર ગણાશે. પ્રત્યેક ચુકવણીની પહોંચ લેવાની અને સાચવી રાખવાની જવાબદારી વિદ્યાર્થીની રહેશે.

૧૧. કોઈપણ બાકી લેણાં અંગે ફોર્મ રોકવા સુધીના પગલાં લઈ શકાશે.

૧૨ વર્ગ સંચાલન વ્યવસ્થિત અને અસરકારક થાય એ માટે સહકાર આપવાની બધા વિદ્યાર્થીઓની ફરજ રહેશે અને વર્ગ સંચાલન નિમિત્તે પ્રાધ્યાપક સાહેબ શિસ્ત જાળવવા ખાતર જે આદેશ આપે તેનું પાલન વિદ્યાર્થીઓએ તરત જ કરવાનું રહેશે. વર્ગમાં આ અંગે કોઈ વિવાદ થઈ શકશે નહીં.

૧૩. પ્રત્યેક વિષયના પાઠ્ય પુસ્તક કૉલેજ શરૂ થાય તે પહેલા ખરીદવાના રહેશે. અને વર્ગખંડમાં પાઠ્યપુસ્તક સાથે જ આવવાનું રહેશે.

૧૪. ગ્રંથાલય અને વાંચનાલયના સતત ઉપયોગની વિદ્યાર્થીઓ પાસેથી અપેક્ષા રાખવામાં આવે છે. પુસ્તક પ્રાપ્તિ માટે વિદ્યાર્થીઓને બે ટિકિટો ગ્રંથાલયમાં અપાતા પુસ્તકો માટે આપવામાં આવશે.

૧૫. ગ્રંથાલયના પુસ્તકો વાર્ષિક પરીક્ષા પત્યા પછી ત્રણ દિવસમાં પરત કરવાના રહેશે.

૧૬. કૉલેજ ચાલુ હોય તો એ સમયના સરનામે અને બંધ હોય તો કાયમી સરનામે પત્ર લખાશે અને તે સંબંધિત વિદ્યાર્થીને મળી ગયેલો જ ગણાશે. સરનામાં ફેરફાર થાય તો વિદ્યાર્થીએ કાર્યાલયને લેખીત જાણ કરવી.

૧૭. અન્ય યુનિવર્સીટીમાંથી આવનાર વિદ્યાર્થીએ દાખલ થતી વખતે પ્રોવિઝનલ એલીજીબીલીટી સર્ટીફિકેટ આપવાનું રહેશે અને ફાઈનલ એલીજીબીલીટી સર્ટીફિકેટ ન આપે ત્યાં સુધી પ્રવેશની જવાબદારી તેમની રહેશે.

૧૮. ઇ.બી.સી./બી.સી. સ્કોલરશીપ ફોર્મ સમયસર નહી ભરનાર વિદ્યાર્થી જે તે સ્કોલરશિપ/ફી શીપ માટે પાત્ર રહેશે નહી.

૧૯. શિષ્યવૃત્તિ બાબતે ઓનલાઈન અરજી કર્યા પછી જે તે વિદ્યાર્થીની જવાબદારી રહેશે.

૨૦. બહારગામથી આવતા વિદ્યાર્થીઓએ કન્સેશન પાસ મેળવવા અંગે પ્રવેશ બાદ એક સપ્તાહ દરમિયાન જ કાર્યવાહી કરવાની રહેશે.

૨૧. કૉલેજના નીતિનિયમો અનુસાર શિસ્તમય વર્તની દરેક વિદ્યાર્થી પાસેથી અપેક્ષા રખાય છે એ પ્રમાણે નહી વર્તનાર શિક્ષાને પાત્ર બનશે, ગુનાહીત પ્રવૃત્તિ, હિંસા કે ત્રાસ કોઈપણ પ્રકારની સંકુચિતતાનો ઉપયોગ કે પ્રચાર એ ગેરશિસ્ત ગણાશે. કૉલેજની કોઈપણ પ્રવૃત્તિમાં બહારની તત્ત્વોનો સાથ અશિસ્ત ગણાશે.

૨૨. કૉલેજ નિયમોમાં સુધારા વધારા કરી શકશે જે વિદ્યાર્થીને બંધનકર્તા રહેશે.

૨૩. વિદ્યાર્થી મંડળની રચના ગુણવત્તાના ધોરણે વરણી પદ્ધતિથી થવાની છે. તે પદ્ધતિ વિદ્યાર્થીને બંધનકર્તા રહેશે.

૨૪. ગુટકા, બીડી, સિગારેટ, પાન-મસાલા કે નશીલા માદક દ્રવ્યોનું સેવન કરીને આવનાર કે સાથે રાખનાર વિદ્યાર્થીનો પ્રવેશ તત્કાલિક ધોરણે રદ થવાને પાત્ર રહેશે.

૨૫. **કૉલેજમાં મોબાઈલ લઈને આવવા ઉપર સખત પ્રતિબંધ છે.** આ નિયમનું ઉલ્લંઘન કરનાર વિદ્યાર્થીનો પ્રવેશ તાત્કાલિક અસરથી રદ થશે.

૨૬. ઉપરોક્ત તમામ શરતો/ નિયમો અમોએ (વિદ્યાર્થી અને વાલી) વાંચ્યા છે. તેમાંથી કોઈપણ શરત કે નિયમનું ઉલંઘન થશે તો કૉલેજના આચાર્ય સાહેબ દ્વારા જે કંઈ પગલા ભરવામાં આવશે તે મને કબુલ-મંજુર રહેશે.

**ઉપરના બધા જ નિયમો મેં વાંચ્યા છે અને હું બરાબર સમજ્યો છું તેમજ મને કબુલ-મંજુર છે અને તે મુજબ વર્તવાની બાહેંધરી આપું છું.**

.................................................. ..................................................

વિદ્યાર્થીની સહી વાલીની સહી

કિંમત રૂા. ૪૦ (ચાલીસ પૂરા)

**NAAC Accredited 'B'**

ફોર્મ નં.

# આદિવાસી આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ

ફોન. (૦૨૬૭૫) ૨૨૦૦૦૭

સંતરામપુર– ૩૮૯ ૨૬૦

## પ્રવેશ ફોર્મ - NEP

ઓફિસ ઉપયોગ માટેઃ **બી.એ.પ્રથમ સેમીસ્ટર – વર્ષ ૨૦૨૩–૨૦૨૪**

વિદ્યાર્થીનો તાજેતરનો પાસપોર્ટ સાઈઝનો ફોટો

| ફી રસીદ નંબર | તારીખ | રકમ રૂા. | કેશીયરની સહી |
|---|---|---|---|
| | | | |

રોલ નંબર :

**પ્રવેશ કમિટી દ્વારા મેળવેલ વિષય ગૃપઃ**

| ગૃપ | Core (મુખ્ય વિષય) | Elective- I (પ્રથમગૌણ વિષય) | Elective- II (બીજોગૌણ વિષય) | સપ્તધારા | કમિટીની સહી |
|---|---|---|---|---|---|
| | | | | | |

**વિદ્યાર્થીએ ભરવાની વિગતઃ (નામ અને જન્મ તારીખ સ્કુલ લિવિંગ સર્ટીફીકેટ પ્રમાણે સાચુ લખવું)**

| વિગત | અટક | વિદ્યાર્થીનું નામ | પિતાનું નામ |
|---|---|---|---|
| અંગ્રેજી (CAPITAL) માં | | | |
| દાદાનું નામ | | | |

| હાલનું સરનામું | | કાયમી સરનામું | |
|---|---|---|---|
| મુકામ : | | મુકામ : | |
| પોસ્ટ : | | પોસ્ટ : | |
| તાલુકો : | | તાલુકો : | |
| જીલ્લો : | પીન કોડ : | જીલ્લો : | પીન કોડ : |

| | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| જન્મ તારીખ : | | | જન્મ સ્થળ : | | | | | રાષ્ટ્રીયતા : ભારતીય | | | | |
| જાતિ : | સામાન્ય | | એસ.સી. | | એસ.ટી. | | | બક્ષી | | અપંગ | | |
| મોબાઈલ નંબર : | | | મોબાઈલ નંબર : | | | | | વાલીનો મો. નંબર : | | | | |
| આધાર કાર્ડ નંબર : | | | | | | | | | | | | |
| બી.પી.એલ. કાર્ડ નંબર : | | | | | રેશનકાર્ડ નંબર : | | | | | | | |
| રાષ્ટ્રીય બેંકનો ખાતા નં.: | | | | | રાષ્ટ્રીય બેંકનું નામ : | | | | | | | |
| બેંકનું સરનામું : | | | | | બેંકનો IFSC કોડ નં.: | | | | | | | |

**શૈક્ષણિક વિગત**

| ધોરણ ૧૨ | સીટ નંબર | વર્ષ | બોર્ડનું નામ | કેન્દ્ર | કેટલા પ્રયત્ને પાસ કરી | મેળવેલ ગુણ | કેટલા ગુણમાંથી |
|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | |

**વિષય ગૃપ કૉલેજમાં રાખવાનાં પસંદ કરવા, ફરજીયાત : સંસ્કૃત, ફરજીયાત : અંગ્રેજી, ફાઉન્ડેશન અને સોફ્ટ–સ્કીલ ફરજીયાત : સંસ્કૃતઃ☐ અંગ્રેજીઃ☐ હિન્દીઃ☐ વિષયમાંથી કોઈપણ એક વિષય ઉપર ☑ કરવા.**

| ગૃપ | Core I મુખ્ય વિષય | Sub. Elective- I પ્રથમ ગૌણ | Sub. Elective- II બીજો ગૌણ | પસંદ કરેલ વિષય ગૃપ ☑ | ગૃપ | Core I મુખ્ય વિષય | Sub. Elective- I પ્રથમ ગૌણ | Sub. Elective- II બીજો ગૌણ | પસંદ કરેલ વિષય ગૃપ ☑ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | સંસ્કૃત | મનોવિજ્ઞાન | ગુજરાતી | | ૮ | હિન્દી | ગુજરાતી | મનોવિજ્ઞાન | |
| ૨ | સંસ્કૃત | સમાજશાસ્ત્ર | હિન્દી | | ૯ | મનોવિજ્ઞાન | સંસ્કૃત | સમાજશાસ્ત્ર | |
| ૩ | અંગ્રેજી | ગુજરાતી | ઇતિહાસ | | ૧૦ | મનોવિજ્ઞાન | ઇતિહાસ | સંસ્કૃત | |
| ૪ | અંગ્રેજી | સમાજશાસ્ત્ર | મનોવિજ્ઞાન | | ૧૧ | ઇતિહાસ | ગુજરાતી | સંસ્કૃત | |
| ૫ | ગુજરાતી | ઇતિહાસ | સમાજશાસ્ત્ર | | ૧૨ | ઇતિહાસ | સમાજશાસ્ત્ર | હિન્દી | |
| ૬ | ગુજરાતી | સંસ્કૃત | ઇતિહાસ | | ૧૩ | સમાજશાસ્ત્ર | હિન્દી | ગુજરાતી | |
| ૭ | હિન્દી | મનોવિજ્ઞાન | ગુજરાતી | | ૧૪ | સમાજશાસ્ત્ર | હિન્દી | ઇતિહાસ | |

**નીચે દર્શાવેલ સપ્તધારામાંથી કોઈપણ એક વિષય ફરજિયાત પંસદ કરો. ☑ (ટીક કરો)**

(૧) જ્ઞાન ધારા (૨) સર્જનાત્મક અભિવ્યક્તિ ધારા (૩) કલા કૌશલ્ય ધારા (૪) નાટ્યધારા

(૫) વ્યાયામ-યોગ-ખેલકૂદ ધારા (૬) ગીત-સંગીત-ખેલ કૂદ ધારા (૪) સામુદાયિક સેવા ધારા



**વાલીની સહી.**.......................................... **વિદ્યાર્થીની સહી.** ..........................................

## એડમિશન ફોર્મ (B. COM)

| B. COM SEM - I | |
|---|---|
| No. | SUBJECT |
| 1. | GENERAL ACCOUNTANCY- I |
| 2. | ECONOMICS - I |
| 3. | H.R.M. |
| 4. | C.C. - I |
| 5. | GENERAL ENGLISH |
| 6. | FINANCIAL ACCOUNTING - I |
| 7. | STATISTICS - I |
| 8. | TALLY ACCOUNTING (FOUNDATION) |
| 9. | PERSONALITY DEVELOPMENT (SOFT-SKILL) |

| B. COM SEM - III | |
|---|---|
| No. | SUBJECT |
| 1. | ECONOMICS - I |
| 2. | I.F.S. |
| 3. | TAXATION - I |
| 4. | C.C. III |
| 5. | STATISTICS - I |
| 6. | COST ACCOUNTING - I |
| 7. | CORPORATE ACCOUNTING |
| 8. | TOURISM MANAGEMENT (FOUNDATION) |
| 9. | COMPANY SECRETARY (SOFT-SKILL) |

| B. COM SEM - IV | |
|---|---|
| No. | SUBJECT |
| 1. | ECONOMICS - I |
| 2. | C.C. |
| 3. | BUSINESS LAW - I |
| 4. | STATISTICS - I |
| 5. | F. FINANCIAL MGT. |
| 6. | COST & FINANCIAL A/C. |
| 7. | MANAGEMENT ACCOUNTING - I |
| 8. | DISASTER MANAGEMENT (FOUNDATION) |
| 9. | MARKET RESEARCH (SOFT-SKILL) |

વાલીની સહી.................................................... વિદ્યાર્થીની સહી ....................................................

# સ્કોલરશીપ અંગે

## સ્કોલરશીપ માટે વિદ્યાર્થીએ ફરજિયાત આપવાના દસ્તાવેજો

૧. આવકનો દાખલો, મામલતદાર/ગ્રામપંચાયત, પિતા જો હયાત ના હોય તો માતાના નામનો આવકનો દાખલો, પિતાના મરણનો દાખલો, માતા-પિતા બંને હયાત ના હોય તો બંનેના મરણનો દાખલો તથા પરિવારના વડીલનો આવકનો દાખલો.
કોઈપણ સંજોગોમાં ત્રણ વર્ષથી જુનો આવકનો દાખલો ચલાવવામાં આવશે નહી.

૨. જે મોબાઈલ નંબર રાષ્ટ્રીયકૃત બેંકના ખાતા નંબર સાથે જોડાયેલ હોય તે જ બેંકના ખાતા નંબર આપવા.

૩. ધો. ૧૨ પછી અભ્યાસ છૂટી ગયેલ હોય તો તેના સબળ કારણો અંગેનું એફિડેવિટ કરાવવું.

૪. વિદ્યાર્થીએ શિષ્યવૃત્તિનું ફોર્મ ઓનલાઈન ભરવાનું હોય આ અંગે કોઈ ક્ષતિ રહી જશે તો તેની જવાબદારી વિદ્યાર્થીની રહેશે.

## લાઈબ્રેરી (વાંચનાલય) માં આપવામાં આવતી સુવિધાઓ

૧. ન્યુઝ પેપર
૨. સંદર્ભ પુસ્તકો (રેફરન્સ બુક) ૩૪,૨૪૮ પુસ્તકો
૩. સામયિકો
૪. કરેન્ટ અફેર્સ (વર્તમાન પ્રવાહ)
૫. GPSC, UPSC, NET, GSET વગેરે પુસ્તકો- સ્પર્ધાત્મક પરીક્ષાઓને લગતા પુસ્તકો
૬. શબ્દકોશ (Dictionary)
૭. CD, DVD (નવલકથા, શબ્દકોશ વગેરેની)
૮. સામાન્ય જ્ઞાનના પુસ્તકો (General Knowledge)
૯. જુના પ્રશ્નપત્રો
૧૦. Soul Software 3.0 (OPAC)
૧૧. N-List (E-Journal, Shodhganga, E-Books)

## અન્ય સુવિધાઓ

- ઉત્તમ લાઈબ્રેરી
- કેન્ટીન
- સેમિનાર હોલ
- રમત-પરેડ ગ્રાઉન્ડ
- વાઈ-ફાઈ
- શુદ્ધ ઠંડુ પાણી
- ઔષધિય બાગ
- થિએટર સ્ટેજ
- રીડીંગ રૂમ
- પ્રાથમિક સુવિધા કેન્દ્ર
- સ્ટાફ રૂમ
- ગર્લ્સ રૂમ
- IQAC અને પરીક્ષા રૂમ
- કોમ્પ્યુટર લેબ

## આપણી કૉલેજની વિશેષતાઓ

- યુનિવર્સિટીમાં સૌથી વધુ મુખ્ય વિષયો જેવા કે.. અંગ્રેજી, હિન્દી, ગુજરાતી, સંસ્કૃત, સમાજશાસ્ત્ર, ઇતિહાસ, મનોવિજ્ઞાન, સંસ્કૃત તથા બી.કોમ.
- N.C.C. ભાઈઓ તથા બહેનો માટેના યુનિટ
- N.S.S. ની વિવિધ પ્રવૃત્તિઓ તથા વાર્ષિક શિબિર
- યુનિવર્સિટી યુથ ફેસ્ટીવલમાં સૌથી વધુ પારિતોષિક (ઇનામ) મેળવનાર એક માત્ર કૉલેજ
- રાષ્ટ્રીય ક્ષેત્રે સ્પોર્ટસમાં ઉત્તમ પ્રદર્શન તથા ઇનામોની પ્રાપ્તિ
- ખેલ મહાકુંભમાં સાંસદ ખેલ સ્પર્ધામાં સૌથી વધુ ઇનામો મેળવનાર કૉલેજ
- દર વર્ષે મેરીટના આધારે વિદ્યાર્થી યુનિયનની રચના થતી હોવાથી વિદ્યાર્થીઓ સક્રિય જાહેર જીવનમાં પણ પોતાનું ઉજ્જ્વળ ભવિષ્ય બનાવી શકે છે.
- ૩૫ હજાર કરતા પણ વધુ પુસ્તકો ધરાવતી ઉત્તમ વાંચનાલય (લાઈબ્રેરી)ની સુવિધા
- વિદ્યાર્થીઓ માટે રીડીંગરૂમની સુવિધા
- ૨૫ જેટલા ઉત્તમ શૈક્ષણિક ડિગ્રી પ્રાપ્ત અનુભવી અને **Ph.D.** ગાઈડ તરીકે માન્યતા ધરાવતા તેમજ યુનિવર્સિટીના વિવિધ અભ્યાસક્રમ સમિતિઓમાં કાર્ય કરતા અધ્યાપકો દ્વારા ગુણવત્તાયુક્ત શિક્ષણ
- **NAAC** દ્વારા **B+** ની માન્યતા પ્રાપ્ત કૉલેજ
- **NAAC PEER** ટીમમાં કાર્યરત આચાર્યશ્રીનું ઉત્તમ માર્ગદર્શન

Gujarat Adiwasi Vikas Parishad, Dahod
Reg. No. Panchmahal E-384

## ગુજરાત આદિવાસી વિકાસ પરિષદ, દાહોદ સંચાલિત

Gujarat Adiwasi Vikas Parishad, Dahod
Reg. No. Panchmahal E-384

# શ્રીમતી કુસુમબેન ડામોર એમ.એસ.ડબલ્યુ. કૉલેજ, સંતરામપુર

(Smt.Kusumben Damor M.S.W. College, SantramPur)

# શ્રી વનરાજસિંહ ડામોર ડી.એસ.આઈ. કૉલેજ, સંતરામપુર

(Shri Vanrajsinh Damor D.S.I. College, SantramPur)

# અબ્રાહમ લિંકનો એમના પુત્રના શિક્ષકને પત્ર

માનનીય શિક્ષકશ્રી,

આજે મારા પુત્રનો શાળામાં પહેલો દિવસ છે. થોડા સમય માટે તો એને બધું નવું અને અજાણ્યું લાગશે. હું ઇચ્છું કે તમે તેના પ્રત્યે મૃદુતા દાખવશો. આ એક એવું સાહસ છે જે તેને ખંડો ઓળંગાવી શકે. એ બધાં સાહસોમાં યુદ્ધો, દુર્ઘટનાઓ અને હતાશાઓનો સમાવેશ થઈ જાય છે. તેને તેનું જીવન જીવવા માટે શ્રદ્ધા, પ્રેમ અને હિંમતની જરૂર પડતી રહેવાની.

એટલે, મારા વહાલા શિક્ષક, તમે એનો હાથ ઝાલીને એને એ બધું શીખવજો જે એણે શીખવાનું હોય પણ બની શકે તો એને એ બધું ધીરજથી શીખવજો.

એને શીખવજો કે દરેક દુશ્મન સામે એક મિત્ર હોય છે. તેણે એ જાણવું પડશે કે બધા માણસો સાચા અને ન્યાયી નથી હોતા. પરંતુ સાથેસાથે એને એ પણ જણાવજો કે દરેક કુટિલ માણસની સામે એક આદર્શવાદી વ્યક્તિ હોય જ છે, અને દરેક સ્વાર્થી રાજકારણીની સામે એક સમર્પિત નેતા હોય જ છે. સમય લાગશે એની મને જાણ છે, છતાં જો સમજાવી શકો તો બાળકને સમજાવજો કે ક્યાંકથી મળેલા પાંચ રૂપિયા કરતાં પોતે કમાયેલા એક રૂપિયાની કિંમત ઘણી વધુ હોય છે.

એને હાર સ્વીકારવાનું શીખવજો અને જીતને માણવાનું પણ શીખવજો. શક્ય હોય તો એને ઈર્ષ્યાના વમળમાંથી બહાર ખેંચજો. એને મૌન હાસ્યનું રહસ્ય સમજાવજો. વહેલી તકે એને શીખવજો કે ક્રૂર અને ઘાતકી લોકોને જીતવા સૌથી સરળ છે. જો કરાવી શકો તો તેને પુસ્તકોની અદભુત દુનિયાનાં દર્શન કરાવજો, પણ સાથેસાથે આકાશમાં ઊડતાં પંખીઓ, સૂર્યપ્રકાશમાં ગીત ગાતી મધમાખીઓ અને ડુંગરના હરિયાળા ઢોળાવ ઉપર ઊગતાં ફૂલોનાં સનાતન રહસ્ય વિષે વિચારવાની નિરાંત પણ આપજો.

શાળામાં એને શીખવજો કે છેતરપિંડી કરવા કરતાં નિષ્ફળ જવું વધુ ગૌરવભર્યું છે. ભલે બધાના મત પ્રમાણે ખોટા હોઇએ, છતાં પોતાના વિચારોમાં શ્રદ્ધા રાખવાનું એને શીખવજો. નમ્ર લોકો સાથે નમ્ર અને સખત લોકો સાથે સખત બનવાનું એને શીખવજો. વાયરા સાથે જ્યારે બધા બદલાઇ જાય ત્યારે ટોળાશાહીમાં ભળી જવાને બદલે પોતાના માર્ગે ચાલવાનું બળ મારા બાળકને આપવાનો પ્રયત્ન કરજો. દરેકને સાંભળવાનું એને શીખવજો, પણ સાથેસાથે સત્યની ચાળણીમાંથી બધું ચાળીને પછી જે સારું હોય તેને જ સ્વીકારવાનું પણ શીખવજો. એની પ્રતિભા અને આવડતની ઊંચામાં ઊંચી કિંમત મળે એના પ્રયાસ કરવાનું એને શીખવજો, પણ એને એ પણ શીખવજો કે પોતાનાં હૃદય અને આત્માને વેચવા ન કાઢે.

શક્ય હોય તો એ ઉદાસ હોય ત્યારે એને હસવાનું શીખવજો. એને શીખવજો કે રડવામાં કોઇ શરમ નથી. માનવતામાં જેને શ્રદ્ધા ન હોય તેને વખોડી નાંખવાનું અને અતિ નમ્રતા/વખાણથી સાવચેત રહેવાનું એને શીખવજો.

એની સાથેનું વર્તન મૃદુ/કોમળ રાખજો, પણ એને લાડમાં જકડી ન રાખતા, કારણ કે અગ્નિમાં તપીને જ સોનું નીખરે છે શુદ્ધ બને છે. અધીર થવાની હિંમત અને ધીરજ ધરવાની સહનશીલતા એને કેળવવા દેજો. પોતાનામાં પરમ/દિવ્ય/ઉચ્ચત્મ વિશ્વાસ રાખવાનું એને કાયમ શીખવજો, જેથી માનવજાતમાં અને ઈશ્વરમાં પણ તે એવો જ વિશ્વાસ રાખતો થાય.

આ ઘણું કઠિન કામ છે. જોઈએ તમે શું કરી શકો છો. એક સુંદર, નાનું વ્યક્તિત્વ છે મારું બાળક.

# મહાવિદ્યાલય ગીત

અંધારા આઘા કરવા ને અજવાળાં પાથરવા માટે
ઊભી કરી અમે મહાશાળા પોતાના પરસેવા સાટે,
માટી અમારું કૂળ અને માટી અમારું મૂળ,
અમે કરીએ કૂચ, મારગમાં ભલે આવતી શૂળ!

આઘાને ઓરા કરવાને અમે વળીએ નિજ વાટે!
જ્ઞાનનાં પંથની મંઝિલ પણ જ્ઞાનની
અબુધ ભલે અમે પણ ખબર આત્મ સન્માનની
ફૂલ ખિલવશું અમે વાડના પ્રત્યેક કાંટે!

ખુલ્લી કિતાબ જેવા જીવન, ખુલ્લા નભશા મન
સાચુકલા વિચાર વચ્ચે ટકતા ખડતલ તન,

વિદ્યાના આ પુનિત જળ આરે ઉછરે પેઢી ઘાટે ઘાટે!
આદિમ પળથી હવા વહે ને લહેરાયે જળનો રાશિ
અમે અસલ તલ અતલના માનુષ આદિવાસી
અમે ભીંજાઈએ મૂળનાં જળના છાંટે,

અંધારા આઘા કરવાને અજવાળાં પાથરવા માટે...

કવિ– વિનોદ ગાંધી













ગુજરાત આદિવાસી વિકાસ પરિષદ, દાહોદ સંચાલિત

# આદિવાસી આર્ટ્સ એણ્ડ કોમર્સ કૉલેજ

02675 - 220007 / 220008

www.accsantrampur.in

aaccsantrampur@gmail.com